વંચાણમાં લીધાઃ–

૧: કોમ્પ્ટ્રોલરશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી,અમદાવાદના પરિપત્ર નં.૧૮/૧૯૭૬.

૨: કુલસચિવશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરનાં પરિપત્ર જા.નં. ગુકૃયુ/પરીક્ષા/પીજી/૧/૫૭૩૮–૬૫/૯૫, તા.૦૯.૦૮.૧૯૯૫.

૩: કુલસચિવશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની કચેરીનાં પરિપત્ર જા.નં.નકૃયુ/રજી/એકેડેમીક/ ૧૧૯૦–૧૨૩૦/૨૦૧૬, તા. ૨૭.૭.૨૦૧૬.

# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકનાં તમામ મહાવિદ્યાલય/પોલીટેકનીક કોલેજોના ડીનશ્રી/આચાર્યશ્રીઓને જાણ કરવામાં આવે છે કે, આપની કોલેજ હસ્તક જયારે વિદ્યાર્થીઓ ધ્વારા જે તે ફેકલ્ટીમાં એડમીશન લેવામાં આવે છે ત્યારે યુનિવર્સિટી ધ્વારા નકકી થયા અનુસારની ફી નવા દાખલ થયેલ વિદ્યાર્થીઓનાં બેચ મુજબ કોશનમની તેમજ હોસ્ટેલ ડિપોઝીટ જમા લેવામાં આવે છે. એડમીશન લીધેલ જે તે વર્ષનાં બેચ મુજબનાં વિદ્યાર્થીઓ ધ્વારા જયારે અભ્યાસ પુર્ણ કરે ત્યારે સ્ટેચ્યુટમાં થયેલ જોગવાઈ મુજબ કોશનમની તેમજ હોસ્ટેલ ડિપોઝીટ ચુકવણાં અંગેના હુકમો આપની કક્ષાએથી બહાર પાડી ચુકવણું કરવામાં આવે છે.

અત્રેની કચેરીનાં ધ્યાન પર આવેલ છે કે, ઘણી કોલેજ ધ્વારા જયારે જે વિદ્યાર્થીઓ ડિપોઝીટની માંગણી કરે છે ત્યારે તે વિદ્યાર્થીઓની જ ડિપોઝીટ ચુકવવામાં આવે છે, જેને કારણે અત્રે હિસાબો નિભાવવામાં ઘણી જ મુશ્કેલીઓ સર્જાય છે. જેથી જે તે વર્ષનો વિદ્યાર્થીઓનો બેચ અભ્યાસ પુર્ણ કરે ત્યારે આખા બેચનાં તમામ વિદ્યાર્થીઓ પાસેથી ઓરીજનલ રસીદ મેળવીને ડિપોઝીટ ચુકવવાનાં આદેશ કરવાનાં રહે છે. જેથી હવે પછીથી જયારે પણ કોશનમની તેમજ હોસ્ટેલ ડિપોઝીટ ચુકવવાની થાય ત્યારે જે તે વર્ષનાં અભ્યાસ પુર્ણ કરી ગયેલ આખા બેચનાં તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરીને જ ચુકવણું કરવાની પ્રથા અપનાવવા જણાવવામાં આવે છે. છુટક–છુટક ડિપોઝીટનાં બીલોનાં ચુકવણાં કરવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

વંચાણે લીધેલ ક્રમ નંબર–૩ નાં પરિપત્ર મુજબ **"અનામત ડિપોઝીટો વિદ્યાર્થીઓ એક વર્ષની અંદર માંગણી ન કરે તો તે કોશનમની તેમજ હોસ્ટેલ ડિપોઝીટ જપ્ત કરી યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે તેમ જણાવેલ છે"** તેમ છતાં ઘણી કોલેજો ધ્વારા તે મુજબની કાર્યવાહી ન કરતા કોશનમની (બજેટ સદર–૧૯૭૦૩) તેમજ હોસ્ટેલ ડિપોઝીટ (બજેટ સદર–૧૯૭૦૪) ની ખુબ જ મોટી રકમ જે તે સદરે યુનિવર્સિટી ફંડમાં જમા રહેલ છે જેને લીધે વખતોવખત ઓડિટ તરફથી વાંધા ઉપસ્થિત કરવામાં આવેલ છે. જેથી ભવિષ્યમાં ઓડિટ ફકરા ઉપસ્થિત ન થાય તે ધ્યાને લઈ ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રોને ધ્યાને રાખી જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૭.૧/ડિપોઝીટ/૨૩૭૩/૨૦૨૦

નવસારી. તારીખ: ૧૫.૦૯.૨૦૨૦.

**નકલ સવિનય રવાનાઃ**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨: તમામ મહાવિદ્યાલય/પોલીટેકનીક કોલેજોના ડીનશ્રી/આચાર્યશ્રી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.

૩: તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.